




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-25■ તા. 12-06-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## મહારાષ્ટ્રમાં ભાજપ અને એમવીએના ૩-૩ ઉમેદવારો જીત્યા, હરિયાણામાં કોંગ્રેસને ફટકો

નવીદિલ્હી,તા.૧૧

ચાર રાજ્યોમાં રાજ્યસભાની ૧૬ બેઠકો માટે શનિવારે વહેલી સવાર સુધી મતગણતરી ચાલુ રહી હતી. આખરે મહારાષ્ટ્રનું પરિણામ આવ્યું. અહીં ભાજપ ૩ સીટો જીતવામાં સફળ રહી છે. તે જ સમયે, મહાવિકાસ આઘાડીએ ૩ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્ર ઉપરાંત હરિયાણાના પરિણામોમાં ઘણો વિલંબ થયો હતો. અહીં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો હતો અને પાર્ટીના ઉમેદવાર અજય માકનને હારનો સામનો કરવો પડ્યો હતો. હરિયાણામાં બીજેપીના કૃષ્ણલાલ પંવાર જીત્યા જ્યારે અપક્ષ ઉમેદવાર કાર્તિકેય શર્મા જીત્યા.



મહારાષ્ટ્રની વાત કરીએ તો કેન્દ્રીય મંત્રી અને ભાજપના ઉમેદવાર પીયૂષ ગોયલ ૪૮ વોટ મેળવવામાં સફળ રહ્યા છે. આ સિવાય બીજેપીના અન્ય ઉમેદવાર અનિલ બોંડે ૪૮ મતોથી જીત્યા. આ સાથે ભાજપના ધનંજય મહાડિકને ૪૧.૫૮ મત મળ્યા હતા. એનસીપીના પ્રફુલ પટેલને ૪૩ મત મળ્યા હતા. બીજી તરફ શિવસેનાના રાજ્યસભાના ઉમેદવાર સંજય રાઉત પણ ૪૧ મતોથી જીત્યા હતા. શિવસેનાના સંજય પવારને ૩૯.૨૬ વોટ મળ્યા અને તેમને હારનો સામનો કરવો પડ્યો. કોંગ્રેસ તરફથી ઉમેદવાર બનાવવામાં આવેલા ઈમરાન પ્રતાપગઢીને ૪૪ મતો મળ્યા હતા. મહારાષ્ટ્રમાં છ સીટો માટે ૭ ઉમેદવારો હતા. છઠ્ઠી સીટ માટે શિવસેનાના સંજય પવાર અને ભાજપના ધનંજય મહાડિક વચ્ચે મુકાબલો નજીક હતો. મુખ્યમંત્રી પદ માટે ઉદ્ધવ ઠાકરે માટે આ પ્રતિષ્ઠા માટેની લડાઈ હતી પરંતુ તેઓ તેમના ઉમેદવારને જીતવામાં નિષ્ફળ રહ્યા હતા.પરિણામ પહેલા બંને છાવણી વચ્ચે જબરદસ્ત ટક્કર થઈ હતી. કોંગ્રેસે ચૂંટણી પંચના ભાજપના ધારાસભ્ય સુધીર મુનગંટીવાર અને અપક્ષ રવિ રાણાના મત રદ કરવાની માંગ કરી હતી, જ્યારે ભાજપે એનસીપીના જિતેન્દ્ર આવ્હાડ, કોંગ્રેસના યશોમતી ઠાકુર અને શિવસેનાના સુહાસ કાંડેના મત રદ કરવાની માંગ કરી હતી. પરંતુ ચૂંટણી પંચે માત્ર સુહાસ કાંડેનો મત રદ કર્યો હતો. મધ્યરાત્રિના એક વાગ્યાના સુમારે ફરીથી મતગણતરી શરૂ થઈ હતી, સવારે પરિણામ આવતાં જ ભાજપની છાવણીમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને શિવસેનાની છાવણીમાં નિરાશા જોવા મળી હતી.

હરિયાણામાં રાજ્યસભાની ચૂંટણીમાં એક મતને ૧૦૦ બરાબર ગણવામાં આવે છે. કોંગ્રેસનો એક મત ચૂંટણી પંચે રદ કર્યો હતો. તો ૮૮ મતો બાકી હતા એટલે કે ૮૮૦૦ મત. જીત માટે ૮૮૦૦/૩ ૧ એટલે કે ૨૯૩૪ મતની જરૂર હતી. ભાજપના કૃષ્ણલાલ પંવારની જીત બાદ ૬૬ વોટ બાકી હતા જે કાર્તિકેયને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કાર્તિકેય શર્મા અને અજય માકનને ૨૯-૨૯ (૨૯૦૦-૨૯૦૦) મત મળ્યા. પરંતુ બીજેપીને ૬૬ વોટ મળ્યા બાદ કાર્તિકેયના વોટ ૨૯૬૬ થઈ ગયા અને તેઓ જીત્યા. કોંગ્રેસનો એક મત અમાન્ય હોવાના કારણે આખો ખેલ પલટાયો હતો.

રાજસ્થાનમાં કોંગ્રેસ પોતાની ત્રણેય બેઠકો જીતવામાં સફળ રહી છે. રાજસ્થાનમાં કોંગ્રેસના પ્રમોદ તિવારી, રણદીપ સુરજેવાલા અને મુકુલ વાસનિકનો વિજય થયો હતો જ્યારે ભાજપના એકમાત્ર ઉમેદવાર ઘનશ્યામ તિવારીનો વિજય થયો હતો. ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર સુભાષ ચંદ્રા ચૂંટણી હારી ગયા. તે જ સમયે, કર્ણાટકમાં ભાજપ પોતાની ત્રણેય બેઠકો જીતવામાં સફળ રહ્યું. ભાજપ તરફથી નિર્મલા સીતારમણ, જગેશ અને લહર સિરોહા ચૂંટણી જીત્યા જ્યારે કોંગ્રેસના જયરામ રમેશ જીત્યા.

## કોરોનાના એક દિવસમાં ૮ હજારથી વધુ કેસ, ૧૦ના મોત

નવીદિલ્હી,તા.૧૧

છેલ્લા કેટલાક દિવસોથી દેશભરમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮,૩૨૯ નવા કેસ નોંધાયા છે. એક દિવસમાં ૧૦ કોરોના સંક્રમિત દર્દીઓના મોત થયા છે. ૧૦ જૂને ૭,૫૮૪ નવા કેસ નોંધાયા હતા. અને ૨૪ કોરોના સંક્રમિત દર્દીઓના મોત થયા હતા. જો આ દૃષ્ટિકોણથી જોવામાં આવે તો, આજે ફરીથી કોરોનાના કેસોમાં વધારો થયો છે.

આ દરમિયાન ૪,૨૧૬ લોકોનો કોરોના પરાજય થયો છે. જે બાદ કોરોનામાંથી સાજા થનારાઓનો કુલ આંકડો ૪,૨૬,૪૮,૩૦૮ પર પહોંચી ગયો છે. હવે કોરોનાના કુલ સક્રિય કેસ ૪૦,૩૭૦ પર પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩,૪૪,૯૯૪ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે બાદ દેશમાં કોરોનાના કુલ ટેસ્ટ ૮૫.૪૫ કરોડ પર પહોંચી ગયા છે. રાષ્ટ્રવ્યાપી રસીકરણ કાર્યક્રમ હેઠળ, સમગ્ર દેશમાં રસીના ૧૯૪.૯૨ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

ભારતમાં કોરોના રસીકરણ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં ૧૯૩.૮૩ કરોડથી વધુ ડોઝ લાગુ કરવામાં આવ્યા છે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના રસીના ૧૧,૬૭,૦૩૭ ડોઝ આપવામાં આવ્યા છે. દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખને વટાવી ગઈ હતી.

ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના રોજ, તે ૩૦ મિલિયનને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ કેસ ચાર કરોડને વટાવી ગયો હતો.

## મુંબઈમાં ઘણા વિસ્તારમાં વરસાદનું આગમન, ઝાડ પડવાથી બે લોકોના મોત

મુંબઈ,તા.૧૧

દિલ્હીમાં ભલે ગરમીથી હાલત ખરાબ થઇ રહી હોય પણ મુંબઈમાં મોસમ મહેરબાન છે. મુંબઈમાં ઘણા વિસ્તારોમાં વરસાદનું આગમન થયું છે. મુંબઈમાં વરસાદની સાથે જોરદાર પવન પણ જોવા મળ્યો હતો. વરસાદના કારણે કેટલાક વિસ્તારોની સ્થિત ખરાબ બની છે. નાસિકમાં બે લોકોના મોતના સમાચાર છે.

ભારતીય મોસમ વિભાગે પહેલા અંદાજ લગાવ્યો હતો કે દક્ષિણ પશ્ચિમી મોન્સૂન ૧૧ જૂનના રોજ મુંબઈ પહોંચી જશે. તે પ્રમાણે વરસાદની શરૂઆત થઈ ગઈ છે. ૧૫ જૂનની બપોરે કે સાંજ સુધી વરસાદ અને ભારે પવન ફુંકાવાની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાકની અંદર જુહુ એરપોર્ટના વિસ્તારમાં ૫૬ મિલીમીટર વરસાદ નોંધાયો છે. ગત વર્ષે મુંબઈમાં ૧૧ જૂનની આધિકારિક તારીખ કરતા બે દિવસ પહેલા જ ૯ જૂને મોન્સૂનની એન્ટ્રી થઇ હતી. તે સમય સુધીમાં શહેરમાં ૧૦૦ મિલિમીટર વરસાદ થઇ ગયો હતો.

દક્ષિણ મુંબઈમાં વરસાદની એન્ટ્રી થઇ હતી. સ્ટાયમેટ વેધરના મતે આ પ્રથમ પ્રિ મોન્સૂન વરસાદ હતો. આ દરમિયાન મુંબઈના સાંતોક્રુઝમાં ૧૫ મિમી વરસાદ નોંધાયો હતો. શહેરમાં સાંજે અને રાત્રે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ થયો હતો. મુંબઈના ઘણા વિસ્તારમાં શનિવારે પણ વરસાદ થયો હતો. વડાલા વિસ્તારમાં રસ્તા પર પાણી ભરી ગયા હતા.

નાશિકના ત્ર્યંબકેશવરમાં એક રિક્ષા પર બે મોટા ઝાડ પડતા રિક્ષામાં સવારી કરનાર મુસાફર અને રિક્ષા ચાલકનું મોત થયું હતું. બાકી ૨ યાત્રી ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત થયા છે. જેમની સારવાર ચાલી રહી છે. ભારે પવન અને વરસાદના કારણે ઠાણેમાં એક ઝાડ ઉખડીને ટેમ્પો પર પડ્યું હતું. આ ઘટનામાં કોઈના ઈજાગ્રસ્ત થવાના સમાચાર મળ્યા નથી.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૪૮ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની અસર જોવા મળશે. હાલ મહારાષ્ટ્રમાં ચોમાસાની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી બે દિવસમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડશે. સૌરાષ્ટ્રમાં ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને રાજકોટમાં વરસાદી માહોલ જોવા મળશે.

અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદી માહોલ રહી શકે છે. આ ઉપરાંત રાજ્યમાં કેટલાક વિસ્તારમાં થન્ડર સ્ટોર્મની એક્ટિવિટી પણ રહી શકે છે. હાલ ભેજવાળા પવનને પગલે વરસાદી માહોલ જામ્યો છે.

## ચીને લદ્દાખ સરહદે ફાઈટર વિમાનો ગોઠવતાં તંગદિલી

નવીદિલ્હી,તા.૧૧

ચીન દ્વારા ફરી ભારતની ઉશ્કેરણી કરવામાં આવી રહી છે અને તેની નકારાત્મક પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી છે અને હવે પૂર્વ લદ્દાખ સીમા પાસે ચીન દ્વારા ફ્રન્ટલાઈન વિમાનો ગોઠવી દેવામાં આવતા ભારતીય સેનાને હાઇ એલર્ટ આપવામાં આવ્યું છે. ભારતીય સેના કોઈ પણ પરિસ્થિતિ નો મુકાબલો કરવા માટે સક્ષમ છે અને પરિસ્થિતિ પર બાજ નજર રાખવામાં આવી રહી છે.

સત્તાવાર અહેવાલોમાં જણાવ્યા મુજબ ચીન દ્વારા બે ડઝનથી વધુ પ્રાચીન વિમાનો ની ગોઠવણી કરવામાં આવી છે અને એમ કરીને ફરીથી ભારતની ઉશ્કેરણી કરવામાં આવી છે. આ પહેલા ચીન એ મીઝર૧ શ્રેણીના ફાઈટર વિમાનો ની ગોઠવણી કરી હતી અને પોતાની ટુકડીઓ એરપોર્ટ પાસે જઈને વાત કરી દીધી હતી પરંતુ હવે તેમને વધુ સક્ષમ અને વધુ આધુનિક ફાઈટર વિમાનો પુરા પાડવામાં આવ્યા છે અને મોટી સંખ્યામાં આ પ્રકારના વિમાનો ગોઠવી દેવામાં આવ્યા છે ત્યારે ભારતીય સેનાને હાઇ એલર્ટ આપવામાં આવ્યા બાદ સેનાના જવાનો ૨૪ કલાક પરિસ્થિતિ પર બાજનજર રાખી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકા દ્વારા થોડા દિવસ પહેલાં જ અહેવાલ આપવામાં આવ્યો હતો કે ચીનની હરકતો વધી રહી છે અને ભારતીય ક્ષેત્રમાં ચીનની ઘૂસણખોરી ચિંતા ઉપજાવે તેવી છે અને તેના દ્વારા સતત ઘૂસણખોરી કરવામાં આવી રહી છે. ભારતીય એજન્સીઓએ ચીનની સેના ની દરેક હરકત અને પ્રવૃત્તિ પર નજર રાખવા માટે વિશેષ વ્યવસ્થા કરી છે અને ૨૪ કલાક જવાનો નજર રાખી રહ્યા છે. કોઈપણ જાતનું અડપલું અને ભારે પડી શકે છે અને આ પહેલા પણ ભારતીય જવાનોએ ચીનના સૈનિકો સામે જોરદાર ટક્કર લીધી હતી અને ઘૂસણખોરીનો પ્રયાસ અટકાવી દીધો હતો.

## અમરનાથ યાત્રામાં રક્તપાતનું વધુ એક કાવતરું નિષ્ફળ,હિઝબુલ આતંકવાદી માર્યો ગયો

શ્રીનગર,તા.૧૧

જમ્મુ-કાશ્મીરમાં ટાર્ગેટ કિલિંગ અને ૩૦ જૂનથી શરૂ થઈ રહેલી અમરનાથ યાત્રાને ધ્યાનમાં રાખીને સુરક્ષા દળો એલર્ટ મોડમાં છે. સેના સાથેના સંયુક્ત મિશનમાં પોલીસે ૧૦ જૂનની મોડી રાત્રે કુલગામમાં હિઝબુલ મુજાહિદ્દીનના એક આતંકવાદીને ઠાર માર્યો હતો. અહીં કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. શોધ ચાલુ છે. આ પહેલા ૧૦ જૂને બારામુલ્લામાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના બે સક્રિય આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમના કબજામાંથી ગુનાહિત સામગ્રી, હથિયારો અને દારૂગોળો, ૨ ચાઈનીઝ પિસ્તોલ, ૧૮ જીવતા કારતૂસ મળી આવ્યા હતા.

દરમિયાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારતની સુરક્ષા તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી હતી. ૩૦ એપ્રિલે ભારતીય સેના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ જનરલ પાંડેની આ સેક્ટરની પ્રથમ મુલાકાત છે. મે ૨૦૨૦માં પૂર્વ લદ્દાખ બોર્ડર લાઇનમાં ભડકો થયો ત્યારથી ભારતીય સેના એલએસીના સમગ્ર ભાગ પર ચાંપતી નજર રાખી રહી છે. સેનાએ ૧૦ જૂને જણાવ્યું હતું કે આર્મી ચીફ જનરલ મનોજ પાંડે હાલમાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોમાં ન્છઝની ત્રણ દિવસીય ફોરવર્ડ ફિલ્ડ વિઝિટ પર છે. ફોરવર્ડ પોસ્ટ્સની તેમની મુલાકાતમાં, જનરલ પાંડેને સ્થાનિક કમાન્ડરો દ્વારા સરહદો પર પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન કમાન્ડરો સાથે વાતચીત કરતા, આર્મી ચીફે સરહદો પર સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.જણાવી દઈએ કે ભારત અને ચીનની સેનાઓ વચ્ચે ૫ મે, ૨૦૨૦ના રોજ પેંગોંગ લેક વિસ્તારોમાં હિંસક અથડામણ બાદ સરહદે અથડામણ શરૂ થઈ હતી. ૧૫ જૂન, ૨૦૨૦ ના રોજ ગલવાન ખીણની અથડામણ પછી સામ-સામે વધારો થયો. બંને પક્ષોએ ધીમે ધીમે હજારો સૈનિકો તેમજ ભારે શસ્ત્રો સાથે તેમની તૈનાતી વધારી દીધી.

લશ્કરી અને રાજદ્વારી વાટાઘાટોની શ્રેણીના પરિણામે, બંને પક્ષોએ ગયા વર્ષે પેંગોંગ તળાવ અને ગોગરા વિસ્તારના ઉત્તર અને દક્ષિણ કાંઠે પીછેહઠ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. બંને પાસે હાલમાં સંવેદનશીલ વિસ્તારમાં ન્છઝ સાથે લગભગ ૫૦,૦૦૦ થી ૬૦,૦૦૦ સૈનિકો છે.

### આ વખતે સ્વતંત્રતા દિવસ ખાસ રહેશે

## સરકારે અમૃત મહોત્સવ હેઠળ દેશભરમાં દરેક ઘર પર રાષ્ટ્રીય ધ્વંજ લહેરાવવાની યોજના બનાવી છે

નવીદિલ્હી,તા.૧૧

આ વખતે સ્વતંત્રતા દિવસ દર વર્ષથી કંઇક ખાસ હશે દર વખતે વિદેશી મહેમાનો આ આયોજનમાં આવી તેને ખાસ બનાવે છે પરંતુ સરકારે તેને પહેલાથી વધુ ખાસ બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે.આ વખતે દરેક ઘર પર તિરંગો લહેરાવવામાં આવશે,આઝાદીના અમૃત મહોત્સવનો યાદગાર બનાવવામાં લાગેલ સરકારે આ વખતે કંઇક ખાસ અંદાજમાં તેને મનાવવાનો નિર્ણય કર્યો છે.



સરકારે આ વખતે અમૃત મહોત્સવ હેઠળ દેશભરમાં દરેક ઘર પર રાષ્ટ્રીય ધ્વંજ લહેરાવવાની યોજના બનાવી છે અને મોટા સ્તર પર તેની તૈયારીઓ પણ શરૂ થઇ ગઇ છે.આ સાત દિવસીય આયોજન દેશમાં સ્વતંત્રતા દિવસના ચાર દિવસ પહેલાથી જ શરૂ થશે અનો બે દિવસ બાદ સુધી ચાલશે.સરકારની આ પહેલનો હેતુ લોકોમાં દેશ પ્રેમની ભાવનાને વિકસીત કરવાની સાથે લોકોને રાષ્ટ્રીય પર્વમાં જોડવાની છે.આઝાદીના અમૃત મહોત્સવના અમલથી જોડાયેલ ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય સમિતિએ આ વર્ષ સ્વતંત્રતા દિવસના પ્રસંગે દરેક ધરે રાષ્ટ્રીય ધ્વંજ કાર્યક્રમ ચલાવવાને લઇ મંજુરી આપી દીધી છે.પહેલા આ કાર્યક્રમને કેટલાક રાજયોએ જ પોતાને ત્યાં આયોજીત કરવાની યોજના બનાવી હતી પરંતુ બાદમાં તેને દેશભરમાં મોટા સ્તર પર આયોજીત કરવાની પહેલ કરવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન લોકોને રાષ્ટ્રીય ધ્વંજ લહેરાવવાથી જોડાયેલ નિયમોની માહિતી આપવામાં આવસે અને સાથે જ તેના ઈતિહાસથી પણ માહિતગાર કરવામાં આવશે હાલ સમિતિએ આ સમગ્ર અભિયાનને લઇ તમામ મંત્રાલયો અને વિભાગોને જવાબદારી સોંપી દીધી છે.તેમાં લોકોને રાષ્ટ્રીય ધ્વંજ લહેરાવવા માટે પ્રેરિત કરવા જેવી પહેલ સામેલ છે. આ દરમિયાન લોકોને ઝંડા ઉપલબ્ધ કરાવવા સહિત ધ્વંજ લહેરાવવાથી જોડાયેલ નિયમ કાનુનોથી પણ માહિતગાર કરવામાં આવશે લોકોને જાગૃત કરવા માટે સ્વયંસેવી સંસ્થાનોની સેવા પણ લેવામાં આવી રહી છે.યુજીસીએ પણ તમામ શિક્ષણ સંસ્થાને આયોજન કરવા માટે કહ્યું છે.

આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન સંસ્કૃતિ મંત્રાલય એક બાજુ મહત્વપૂર્ણ અભિયાન ચલાવી રહ્યું છે આ હેઠળ ગામે ગામથી ગુમનામ સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓને શોધવામાં આવી રહ્યાં છે લગભગ એક લાખ આવા સેનાનીઓની શોધનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે તમામ જીલ્લામાંથી એવા લોકોનની માહિતી એકત્રિત કરવા માટે કહેવામાં આવ્યું છે જેમણે સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લીધો હતો પરંતુ ઈતિહાસમાં તેમનું કોઇ નામ નથી આ અભિયાન હેઠળ અત્યાર સુધી લગભગ એક હજાર સ્વતાંત્રતા સેનાનીઓને શોધવામાં આવ્યા છે.

## ડેનમાર્કના રાજદૂતે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી

નવીદિલ્હી,તા.૧૧

પાણીની અછત અને પ્રદૂષિત હવાના કારણે દિલ્હીના લોકોને રોજિંદી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેને સુધારવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે.ત્યારે ડેનમાર્કના રાજદૂત ફ્રેડી સ્વેન મુખ્યમંત્રી કેજરીવાલને મળ્યા હતા.



પ્રાપ્ત માહિતી અનુસાર ભારતમાં ડેનમાર્કના રાજદૂત ફ્રેડી સ્વેન અને ડેનમાર્કના શહેરી વિકાસ સલાહકાર એમ્બેસીની અનિતા કુમારી શર્માએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દિલ્હી સચિવાલયમાં થઈ હતી. જે દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીને લગતા અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. કહેવામાં આવી રહ્યું છે કે, ડેનમાર્કના રાજદૂતે સીએમ અરવિંદ કેજરીવાલને દિલ્હી બાદ પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર બનવા પર અભિનંદન પાઠવ્યા છે. આ સાથે બંને વચ્ચે વાયુ પ્રદૂષણથી લઈને ભૂગર્ભ જળ રિચાર્જ કરવા સુધીના સહયોગ અંગે ચર્ચા થઈ હતી.

આ દરમિયાન કેજરીવાલે કહ્યું કે, તેઓ ગ્રાઉન્ડ વોટર રિચાર્જ કરવા પર કામ કરી રહ્યા છે અને ડેનમાર્ક સાથે આ ક્ષેત્રમાં વધુ સારું કામ કરી શકે છે. તેમનું કહેવું છે કે દિલ્હીમાં ભૂગર્ભ જળ રિચાર્જ કરવા માટે વરસાદી પાણીનો ઉપયોગ કરવાની ઘણી સંભાવનાઓ છે. તેમના મતે, આના દ્વારા દિલ્હીમાં પાણીની જરૂરિયાત પૂરી કરી શકાશે.

આ સાથે સીએમ કેજરીવાલે ડેનમાર્કના રાજદૂતને ડેનમાર્કમાં ભૂગર્ભ જળને વધુ સારી રીતે રિચાર્જ કરવા માટે કરવામાં આવેલા કામની વિગતવાર માહિતી શેર કરવા કહ્યું, જેથી તેની મદદથી દિલ્હીમાં પણ ભૂગર્ભ જળને બચાવી શકાય.

ભૂગર્ભ જળને રિચાર્જ કરવાની સાથે સીએમ કેજરીવાલે આ દરમિયાન વાયુ પ્રદૂષણ ઘટાડવા અને હવાને શુદ્ધ કરવા માટે પણ ચર્ચા કરી છે. કેજરીવાલનું કહેવું છે કે તેમની સરકાર દિલ્હીમાં વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે દિલ્હીમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપી રહી છે. જેના માટે ઈવી પોલિસી પણ અમલમાં મૂકવામાં આવી છે.

અરવિંદ કેજરીવાલના જણાવ્યા અનુસાર, ઈવી નીતિ હેઠળ, દિલ્હીના નાગરિકોને ઈવી તરફ પ્રોત્સાહિત કરવા માટે સબસિડી આપવામાં આવી રહી છે.

# તંત્રી લેખ

## અસહિષ્ણુતાની હદ

ભારતીય મુસલમાનોને લઈને મગરનાં આંસુ વહાવવા અને હાલમાં જ પયગંબર મોહંમદ સાહેબને લઈને કરવામાં આવેલ ટિપ્પણીઓના બહાને આકાશ માથે ઉઠાવવા અને ઈસ્લામી જગતને ભારત વિરુદ્ધ ઉશ્કેરનાર પાકિસ્તાન પોતાને ત્યાં લઘુમતીઓનું કેવી રીતે દમન કરી રહ્યું છે, તેનું તાજું ઉદાહરણ છે કરાચીમાં એક મંદિરમાં કરવામાં આવેલો હુમલો. આ હુમલા દરમ્યાન પ્રતિમાઓને તોડી નાખવામાં આવી, સાથે જ લૂંટફાટ પણ કરવામાં આવી. પાકિસ્તાનમાં જોકે આ કોઈ નવી વાત પણ નથી. ત્યાં લઘુમતીઓ અને વિશેષ રૂપે હિંદુ છોકરીઓનું અપહરણ કરીને તેમને પહેલાં જબરદસ્તી મુસલમાન બનાવવામાં આવે છે અને પછી છળ-બળના સહારે તેમના અપહરણકર્તા સાથે જ તેના નિકાહ કરાવી દેવાય છે. તેમાં પોલીસ, પ્રશાસનથી માંડીને અદાલતો સુધી એ તત્ત્વોનો સહયોગ કરવા માટે તત્પર રહે છે, જે આ છોકરીઓનું અપહરણ કરે છે. એવા કિસ્સામાં પાકિસ્તાન સરકાર કાં તો ચૂપ રહેવું પસંદ કરે છે કે પછી એવા જબરદસ્તી નિકાહને કટ્ટરપંથી મુલ્લાઓની જેમ અલ્લાહની મરજી ગણાવીને હાથ ઊંચા કરી લેવાય છે.

પાકિસ્તાનમાં જે રીતે હિંદુઓ, શીખો અને ઈસાઈ છોકરીઓનું અપહરણ અને જબરદસ્તી નિકાહ સામાન્ય વાત છે, એ જ રીતે તેમનાં ધર્મસ્થળો પર હુમલા પણ સામાન્ય છે. હિંદુઓ પ્રત્યે ઘૃણાને કારણે મંદિર ખાસ કરીને નિશાના પર રહે છે. સ્થિતિ કેટલી ભયાવહ છે, તેને એના પરથી સમજી શકાય છે કે થોડા સમય પહેલાં જ્યારે ખૈબર પખ્તૂનખ્વામાં એક મંદિર બાળનારા પર અદાલતે દંડ ફટકાર્યો હતો તો તે દંડ હિંદુઓએ જ ભરવો પડ્યો હતો. આ અંધેરગર્દી એટલા માટે થઈ, કારણ કે હિંદુઓને ધમકાવીને તેમના પર એ દબાણ બનાવવામાં આવ્યું કે શાંતિ જાળવી રાખવી હોય તો બહેતર એ જ રહેશે કે દોષીઓ પર લગાવવામાં આવેલ દંડ તેઓ ખુદ ભરી દે. તેમણે એવું કરવું જ પડ્યું. પાકિસ્તાનમાં અહમદિયા, ઈસાઈઓની સાથે હિંદુઓ અને શીખોના ઉત્પીડનનો સિલસિલો લાંબા સમયથી ચાલુ છે, પરંતુ ના તો વિશ્વ સમુદાય તેના પર ધ્યાન આપવા તૈયાર છે કે ના એ ઓઆઈસી એટલે કે ઈસ્લામિક સહયોગ સંગઠન, જે પાકિસ્તાનના ઈશારે ભારતની બાબતોમાં બિનજરૂરી દખલ કરવા તત્પર રહે છે. ગત દિવસોમાં ઈસ્લામી દેશોમાં જે ભારત વિરોધી માહોલ ઊભો કરવામાં આવ્યો, તેમાં પાકિસ્તાનની તો એક મોટી ભૂમિકા હતી જ, સાથે જ ઓઆઈસીનો પણ હાથ હતો. ભારતે ત્યારે યોગ્ય રીતે જ પાકિસ્તાનની સાથે જ ઓઆઈસીની પણ ઝાટકણી કાઢી હતી. હવે કરાચીમાં મંદિર પર હુમલાની ઘટનાને લઈને તેને ફરીથી ઓઆઈસીને આઈનો દેખાડવો પડશે. તેની સાથે જ આ સંગઠનના અન્ય દેશો અને ખાસ કરીને કતાર, મલેશિયા વગેરેને પણ એ સવાલ કરવો પડશે કે પાકિસ્તાનમાં જે કંઈ થઈ રહ્યું છે, તેના પર તેઓ કેમ મોંમાં મગ ભરી લે છે?



વિશ્વનેતા, ભારત ભાગ્ય વિધાતા એવા અમારા મોઢ મોદી સમાજની આન, બાન, અને શાન સમા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને, સમસ્ત ગુજરાત મોઢ મોદી સમાજના ઉપપ્રમુખ તરીકે નવસારી નિરાલી હોસ્પિટલ ખાતે સહ પરિવાર મળવાનો અમૂલ્ય અવસર મળ્યો.

આ વેળા મારી સાથે ડાંગ જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી દશરથભાઈ પવાર, અને પૂર્વ પ્રમુખ વરિષ્ઠ કાર્યકર શ્રી ઘનશ્યામભાઈ પટેલ પુનાથી મહેશકુમાર મોદી તથા મારો પરિવાર આશીર્વાદ લઈ ધન્યતા અનુભવે છુ.

નરેન્દ્ર પવાર. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
(ડાંગ જિલ્લા બ્યુરો ચીફ)

# ભાઈએ જ બહેનને છરીના ઘા ઝીંકી પતાવી દીધી


અમદાવાદ,તા.૧૧

કહેવાય છે કે જળ, જમીન અને છોરું એ ત્રણેય કજિયા ના છોરું. આ કહેવતને સાર્થક સાબિત કરતો કિસ્સો શહેરના રામોલ વિસ્તારમાં બન્યો છે. પિતા મકાન ખાલી ના કરતા હોવાની અદાવત રાખીને ભાઈએ બહેન ને છરી ના ઘા ઝીંકીને હત્યા કરી દીધી. તો ભાણેજ અને પિતાને ઈજા પહોંચાડી છે. જે અંગેની જાણ પોલીસને કરતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.રામોલ વિસ્તારમાં આવેલ સુરેલિયા એસ્ટેટ રોડ પર આવેલ કૃષ્ણ કુંજ સોસાયટીમાં રહેતા શેતાન સિંહ ચાવડાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે મોડી રાત્રે બે વાગ્યાની આસપાસ તેમના દીકરા મદન સિંહે તેમની દીકરીને ઘરની બહાર જાહેર રોડ પર આડેધડ છરી ના ઘા માર્યા હતા. જો કે દીકરીને બચાવવા જતા ફરિયાદી વચ્ચે પડતા તેઓને પણ આરોપીએ છરીના ઘા માર્યા હતા. જ્યારે તેમના ભાણેજને પણ છરીના ઘા મારીને ઈજા પહોંચાડી હતી.

આ હુમલામાં ત્રણેય ને ગંભીર રીતે ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે એલ જી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ફરિયાદીની દીકરીનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસે આ મામલે હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

જો કે પોલીસ તપાસ માં જાણવા મળ્યું છે કે, આ સમગ્ર મામલો મિલકતના વિવાદને લઈને થયો છે. ફરિયાદી મકાન ખાલી કરતા ના હોવાથી આરોપીએ આ ગુનો આચર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# એષા ખુલ્લી કિતાબ- પ્રકરણ ૧૨




તે દિવસે રોહિતે આજવા નિમેટા જવાની ઈચ્છા વ્યક્ત કરી. તેને સારુ લાગતુ હતુ. એષા થોડીક ખચકાઈ પણ પછી ધ્રુમિલને જણાવી દીધું કે તેઓ એમ્બ્યુલન્સ લઈને સાંજે આવશે અને મીરાંમાસીને ત્યાં જમશે. રોહિત તેના વિચારોમાં બહુ જ સ્વસ્થ અને સચોટ હતો અને તે માનતો થયો હતો કે એષાની માનવસેવાની વાતોને યોગ્ય રૂપ આપવા બધી પળોજણોથી દૂર થઈને ખુલ્લા મને વાત કરવી જરુરી હતી.

આણંદથી નીકળી એમ્બ્યુલન્સ વડોદરા પહોંચી અને આજવા નીમેટાનાં રસ્તે આગળ વધતી હતી ત્યારે એષાને કહ્યુ,

“એષા! મેં તને ખુબ દુભવી છે નહીં?”

“રોહિત! આ શું કહો છો?”

”એષા જો આજે હું બોલીશ અને તુ સાંભળીશ. મને કોઈ પણ વાતે નહીં રોકે કે નહીં ટોકે. ઓકે?”

“રોહિત!...”

“એષા, આજ સુધી હું ઝાઝું બોલ્યો નથી. એ જ મારી પ્રકૃતિ હશે પણ આજે જો હું મારા મનની વાત નહીં કરું તો મને લાગે છે કે મારા મનમાં કાયમનો અફસોસ લઈને જઈશ. આજવાના કિનારે ઢળતી સાંજે આજે મને સાંભળવાની તને સજા ફરમાવું છું.”

એષાને બોલતી અટકાવીને રોહિતે પોતાના અવાજમાં જાણે જીદ ઉમેરી.

રોહિતે આ પ્રકારની લાગણી ક્યારેક જ બતાવી હશે. એષાને મનમાં આશંકા સાથે તો થઈ પણ રોહિતની ઈચ્છા મુજબ તેમની પ્રિય જગ્યાએ ઝાડનાં ટેકે ડ્રાઈવર પાસે પથારી પથરાવી અને ડ્રાઈવરને કહ્યુ નજીકમાં રહેજે સૂર્યાસ્ત પછી નીકળીશુ.

ડ્રાઈવરના ગયા પછી વાતાવરણને હળવું બનાવવા રોહિત બોલ્યો. ” હવે મારા બોલવાની અને તને મૌન રહેવાની સજાનો આરંભ થાય છે. હસવું કે રડવું એની તને છૂટ છે.”

“રડવાની કોઈ વાત મારે સાંભળવી નથી રોહિત અને સજા તમે મને આપશો? ”

“વાત તો સાચી છે એષા, સજા તો મને ઉપરવાળાએ ફરમાવી દીધી છે. હવે તો હું અંડર ટ્રાયલ કેદી પણ નથી રહ્યો. માત્ર સજાનો અમલ થવાની નિશ્ચિત તારીખ નથી આપી, બસ એટલું જ..ખેરપમેં એક કવિતા હમણા વાંચી તે તને પહેલા કહુ અને પછી મારી વાત.”

એષા તો રોહિતનાં શબ્દોને સાંભળીને વિચારમાં પડી ગઈ. એણે રોહિતે ધરેલી ચબરખી ખોલી અને વાંચવાં માંડ્યું.

જુઓ,મૃત્યુ આવ્યું, લઈ ગયું દુ:ખ સર્વ તનનાં

અને આ આત્માને લઈ ગયું શ્રી હરિના શરણમાં.

જીવન નદી જયારે, ભળે પુનિત બ્રહ્મ જળમાં.

તો સ્વજન શાને સારે અશ્રુ આવી પૂણ્ય પળમાં.!

ગિરીશ દેસાઈના મુક્તકે મને બહુજ શક્તિ આપી છે. મને જે દિવસે પહેલો રિપોર્ટ મળ્યો ત્યારથી ખબર હતી કે હવે મારી પાસે ગણ્યાં ગાંઠ્યા દિવસો છે. મારે માથે જેમનું જેમનું દેવુ છે તે પાછુ વાળવા માટે પૂરતા દિવસો નથી. છતાં શક્ય હોય તેટલા પ્રયત્નો હું કરુ છું. એષા સૌથી મોટું મારા ઉપર તારુ દેવુ છે. તેં મારા સંસારને આપણો ગણ્યો. મેં એ આપણાપણાને મારા અહંને કારણે તારું અને મારું એમ વાડા કર્યાં. મારા એ અહંને કારણે મેં તને ખૂબ જ દુ:ખ આપ્યુ છે પણ હવે જ્યારે મૃત્યુની ઘડી નજદીક આવી છે ત્યારે પણ એ મારા અહંને નહીં ગાળુ તો આટલો મોટો ભાર લઈને હું સુખથી કેવી રીતે મરીશ?”

એષા નિ:શબ્દ થઈને સાંભળતી રહી . તેને સમજાતુ નહોંતુ કે રોહિતને આજે શું થઈ ગયું છે? ઢળતા સૂરજને જોઈ તેણે ફરીથી બોલવાનું શરુ કર્યુ.

“હવે જેટલા સૂર્યાસ્ત મારે જોવાનાં છે તેના કરતા ઘણા વધુ સૂર્યોદય તને પ્રભુએ આપેલા છે તેથી મારી પાછળ શોક ન કરીશ, લોકલાજે પણ નહીં. છોકરાંઓને સુદ્ધાંને શોક કરવા દઈશ નહીં કારણ કે મને ભગવાને તેમને ત્યાં બોલાવતા પહેલા આ દેહનાં દંડ અહીં દઈને શુદ્ધતા બક્ષી છે. જે સ્વરૂપ જન્મ સમયે હતુ તે સ્વરૂપે મને બોલાવે છે.આમ વિચારવાથી મારા દેહનાં દંડો હળવા થાય છે. લાખો કેન્સર કોષો ધીમે ધીમે મને ખાય છે અને તમે સૌ મને તે રીતે ખવાતો જોવા નથી માંગતા તેથી મારા જીવન માટેનો અદભુત જંગ ખેલો છો. હા કદાચ તેનાથી મને થોડુંક આયુષ્ય મળશે પણ હવે તેની મને બહુ ખેવના નથી. કારણ કે મત્યુનાં હાથમાંથી છીનવીને જિંદગીએ જેટલા શ્વાસો મને આપ્યા હતા તે ઘટવા માંડ્યા છે.

જેમ જન્મ સમયે મારી મા મારી સાથે હતી તેમ મૃત્યુ સમયે મારી પ્રિય સખી એષા હશે.”

રોહિતની આંખો આંસુઓ સારતી હતી. એષા પણ ભીંજાતી હતી..એષાએ ક્યારેય જેનો વિચાર સુદ્ધાં કર્યો નહોતો એવી વાત આજે રોહિતે કરી હતી..

રોહિત થોડો શાંત થઈને બોલ્યો,

“એષા તારે તો રડવાનું જ નથી. કારણ કે તેં તો મને તારું સર્વે સર્વા આપ્યું છે અને હજી આપે છે. મુરખતો હું હતો કે જે ખાલી લેવાનું જ સમજ્યો હતો.. આપવાનું તો જાણે જાણતો જ નહોંતો અને તેની તો આટલી ભયાનક સજા પ્રભુએ કરી છે.”

એષા અત્યારે રોહિતને રડવા દેવાનાં મતમાં નહોંતી પણ તેની વાતોમાં જે ઊંડુ દુ:ખ હતું તે નીકળી જાય તે માટે તે મૌન રહી.

રોહિત આગળ બોલ્યો “ઋચા અને ધ્રુમિલ તેમની જિંદગીમાં વ્યસ્ત થઈ જશે અને તારે હજી એકલુ જીવવાનું છે. તેમના સહારાને તારો આધાર બનાવવા કરતાં તારી રીતે રહેજે.”

એષા હવે બોલી, “રોહિત! પોચકા ના મૂકો અને એમ કેમ માનો છો કે તમને હું કેન્સર સામેની આ લડતમાં હારવા દઈશ?”

રોહિતને પાણી આપતા તે ફરી બોલી.” કેન્સર ઉપર વિજ્ઞાન સતત એક ય બીજા પ્રકારે વિજયી બન્યું છે બસ તેમ જ હું પણ તેને ખાળીશ.”

રોહિતને એષાની સ્વસ્થતા અને નિડરતા ગમી.

“એષા! હું માનું છું કે મારુ આયુષ્ય ખુટ્યુ હશે તો આપણો સાથ ખંડીત થશે. પરંતુ તારી માફી માંગીને હું ભારમુક્ત થયો હોય એવું અનુભવી રહ્યો છું, “

“ના તેમ કરી મનથી તમે યમરાજાને કહી દીધું કે હું તૈયાર છું તુ મને ગમે ત્યારે લઇ જઇ શકે છે.” એષા અકળાઈને બોલી ઊઠી.

રોહિત ડૂબતા સૂરજને જોઈ રહ્યોપએષા મનોમન રડતી રહી. આજે માફી માંગીને રોહિતે તેના ઉપર ગુસ્સે થવાનો હક્ક છીનવી લીધોપ.

એ દિવસ નજીક આવી રહ્યો છે તે વાતનો અણસાર પણ તેને રોહિત પાસેથી જોઈતો નહોંતો. તે શક્ય હોય એટલા ધમપછાડા કરીને, દવાથી માંડીને દુવાના સહારે રોહિતને મત્યુનાં મુખમાંથી પાછી લાવવા કટીબધ્ધ હતી. તેથી તેણે કહ્યું, “રોહિત તમને કશુ થશે કે નહીં તેની વાતો જવાદો ટાઈફોઈડનો દર્દી જેમ ઊભો થઇ જાય તેમ તમે ઊભા થઇ જશો. મારી સાથે માનવમંદીરનાં યજ્ઞમાં તમારે મને સાથ આપવાનો છે તે તમને ખબર છેને?

રોહિતે એક નિ:સાસો નાખતા કહ્યું મલ્ટીપલ માયલોમા એ ટાઈફોઈડ નથી એષા..

આલેખન: વિજય શાહ

# વત્સ.આજથી વીસ પચ્ચીસ વરસ પહેલા આ નામ ફેનની લાગે.સંસ્કૃત છાંટસભર નામ. અટક વરૂં. નામ અને અટકમાં વિરોધાભાસ ઉડીને આંખે વળગે

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના શિયાળ ગામનો વતની. સચિવાલયમાં જીડીસી તરીકે ઓળખાતી જગ્યા માટે જાહેર સેવા આયોગ ભરતીની કાર્યવાહી કરતી. આપણી ભરતી સિસ્ટમની સુંદરતા એ છે કે ગામડે રહેતા કૌવતવાળા પાણીદાર છોકરાંવ ચોટીએ દોરો બાંધીને મહેનત કરે એટલે બેરોજગારીનો કોઠો વીંધી નોકરી રાણીને વરી શકે.

માધવ અજમેરા રાજકોટના ઊપલેટાનો.પિતાજી ગુજરાતી શાળામાં શિક્ષક.માધવ કોલેજના બીજા વરસમાં. જીડીસી માટેની પરીક્ષા આપી . એ સમયે કોચીંગ કલાસ, મેગેઝિન -કંઈ કરતા કંઈ ન મળે. વર્તમાનપત્રો વાંચો. અનડા પ્રકાશન જ્ઞાનજયોત કરીને જનરલ નોલેજ માટે પુસ્તક પ્રગટ સમયાંતરે કરે. એ પુસ્તક સ્પર્ધાઓમાં પરીક્ષા માટે ટેન કમાંડન્ડન્ટ,રામાયણ,મહાભારત, બાઈબલ કે કુરાન જે ગણો તે જ્ઞાનજયોત. સૌરાષ્ટ્રના છાપામાં તો વેરના વળામણા, પાદરડીની સીમમાં ઢીમ ઢાળી દીધું, તસ્કરોની રાડ એવા પ્રકારના સમાચાર આવે. જેને વલોવીએ તો જનરલ નોલેજ ન નીકળે.એ વખતે આયોગનો અભિગમ અંતરિયાળ ગામડા ઉમેદવારને શું આવડે છે તેની કસોટી કરવાનો હતો!! ધારો કે કોઈ ઉમેદવાર ડેનીસ લીલીને અમેરિકાના પ્રમુખ બુશની પત્ની માને તો રાજ્ય સરકારના વહીવટ પર કયું આભ તૂટી જવાનું હતું. જીડીસી . તમને થાય કે આ કંઈ મોટી તોપ છે? જીડીસી એટલે જનરલ ડયૂટી ક્લાર્ક. સચિવાલયના વહીવટી માળખાનું પ્રથમ સોપાન.તે સમયે સચિવાલયનો તાપ, કડપ અને દબદબો હતો. ખાતાના વડા હેડ કવાર્ટર લીવ મેળવ્યા સિવાય સચિવાલયના ઝાંપે પણ આવી શકે નહી. શિસ્ત પાલનનો સુવર્ણયુગ હતો. ક્રમશઃ લુણો લાગવા લાગ્યો એ અલગ વાત છે.એકવાર કોઈ અનુભાગ અધિકારીએ ખાતાના વડાને સરકારી કામ માટે ફોન લગાવ્યો. પેલાએ વાત ન કરી. અધિકારીએ નિર્ભિકપણે સચિવને ફરિયાદ કરી.સચિવે તેની પીએને ખાતાના વડાને ફોન જોડવા કહ્યું. ફોન લાગ્યો પેલાને ખખડાવી નાંખ્યો વોર્નિંગ આપી કે સચિવાલયમાંથી પટાવાળા ફોન કરે તો સચિવનો ફોન ગણીને રીસ્પોન્સ આપજો નહીતર તમારી ખેર નથી.

વત્સ, માધવ અને બીજા ૧૯૮ છોકરાને પૂર્વ સેવા તાલીમ માટે જીએડીમાંથી ખાખી રંગના પરબીડિયા આવ્યા.

આ બધાએ પહેલીવાર ગાંધીનગરના ઝાડવા જોયા.ગાંધીનગર એટલે ગાંધીનગર.એના જેવું બીજું કોઈ શહેર થવું નથી. આપણા ગીતાકાર રમેશ પારેખને ગાંધીનગર ગમેલું નહીં અને અહીં કાંઈ માણસ મળેલો નહી તે વાત અલગ છે!!

ગાંધીનગર. પંચાક્ષરી નામ. રાજ્યનું પાટનગર. ચંડીગઢ પેટર્ન પ્રમાણે બનાવેલું શહેર. અન્ડરગ્રાઉન્ડ વીજ કેબલને લીધે વાયરોના ગૂંચળાથી મુક્ત શહેર. લાંબા પહોળા રસ્તા, બાગબગીચા.

દરેક સેકટરમાં શોપિંગ સેન્ટર ,બગીચા, દવાખાનું, પ્રાથમિક શાળા. હવે તો વિકાસના વાવાઝોડામાંપ્રાથમિક શાળાઓ તો ઉડી ગઈ. ક્યાંય સરકારી પ્રાથમિક શાળા ન રહી.બીજું શું ઉડશે એ તો મારો વાલો જાણે.ગાંધીનગર જોયું ન હોય એણે આટલું સાંભળ્યું હોય. કહેવત છે કે જીવ્યા કરતાં જોયું ભલું. ગાંધીનગરમાં માત્ર શ્વાસ લીધા હોય કે ટુકું રોકાણ કર્યું હોય તે પ્રથમ પ્રેમની જેમ ભૂલાય નહી ને નાસૂરની જેમ દૂઝયા કરે. બધાએ પૂર્વ સેવા પરીક્ષા પસાર કરી. હંગામી ધોરણે કાયમી નિમણૂક મળી ગઈ. સરકારી કવાર્ટર મેળવવા અરજી કરી. કવાર્ટર પણ મળી ગયા. વત્સને સેકટર ૨૪ મા એને માધવને સેકટર-૧૬ મા કવાર્ટર મળ્યા. તમામ પ્રકારની બદી સામે લડનાર કર્મચારીમાં ક્રમશઃ મૂલ્યોના ધોવાણનીશરૂઆત થયેલી. એમાં મળેલ કવાર્ટર મંજૂરી વિના કોઈને પેટા ભાડે આપીને ગજવું ગરમ કરી લેવું. વત્સ આ રસ્તે અગ્રેસર થયો. પગાર મોટા હતા નહી અહીંનો ખર્ચ કાઢવાનો ને ઘરે પૈસા મોકલવાનો તકાજો.

વત્સે માધવને મળેલ સેકટર-૧૬ ના ૫૫૫/૫ મા રહેવાનું શરૂ કર્યું. ગાંધીનગરાઓનું જીવન સીધી લીટી જેવું. સવારે દસ વાગ્યે જમી અથવા ટીફીન લઈ સચિવાલય જવું. એ સમયે છૂટવાનો સમય સાંજે સાડા પાચનો હતો. છૂટીને સીધા ઘરે સાયંકાલ લેન્ડ થાય. સાંજે ચા પીને લુંગી અડધી ચઢાવીને ટોટી લઈ કંપાઉન્ડમાં પાણી છાંટવાનું . કંપાઉન્ડ પાણીથી લથબથ કરી દેવાનું કંપાઉન્ડમાં ખાટલા ઢાળી ઉંઘવાથી પંખા ચલાવવા ન પડે . લાઈટ બીલની બચત થાય. સરકારી નગર. રાત્રે આઠેક વાગ્યે સન્નાટો પ્રસરી જાય. કોઈ અજાણ્યાને સરનામું પૂંછવું હોય તો માણસ ન મળે ને ઝાડ કે વીજળીના થાંભલાને સરનામું પૂંછવું પડે.રાત્રે ચા પીવા માટે ચીલોડા સર્કલે જવું પડે.

વત્સની નાતમાં મામા-ફઈના દીકરા- દીકરી વચ્ચે લગ્ન થઈ શકે. મૂળમાં કૌટુંબિક એકતા રહે તેમ જ મિલકતની લોહિયાળ વહેંચણી નિવારી શકાય. વત્સને નોકરી મળી કે પહેલા મામાની દીકરી ગાર્ગી સાથે જળ આપેલું. વત્સના મામા એટલે હવે થનાર સસરા પ્રતાપભાઈ ધાધલ ગાંધીનગર વત્સને મળવા આવનાર હોવાની ઈનલેન્ડ લેટરથી જાણ કરેલ. એ જમાનામાં ખતખબર માટે પંદર પૈસાનું પત્તુ એટલે પોસ્ટકાર્ડ લખતા. ખાનગી વાત લખવા આંતરદેશીય પત્ર એટલે ઈનલેન્ડ પત્ર લખવામાં આવતો. પ્રતાપભાઈ પથિકાશ્રમ બસ સ્ટેશને ઉતર્યા. રીક્ષા કરીને ઘરે આવ્યા. વત્સ અને માધવ નીચે વાંકા વળીને પગે લાગ્યા. વત્સે માધવને ઈશારાથી પાણી લાવવા કહ્યું. માધવે ગોળાનું બુજારૂં ઉઠાવ્યું. અંદર લોટો નાંખ્યો. ગોળાના તળિયે ઘસાણો. ખાલી ગોળાનો અવાજ અલગ હોય ને!! માધવ સમજી સમજી ગયો. એ કાંઈ રેંજીપેંજી ન હતો.

તરત જ પરિસ્થિતિ સમજી ગયો. ડેમેજ કંન્ટ્રોલ એકસરસાઈઝ શરૂ કરી. સેકટર ૧૬ ના સરકારી મકાનોમાં એક સવલત હતી કે રસોડામાંથી અગાસીમાંથી આવી શકાત હતું. ચૌદસીયા તરીકે ઓળખાતા દરેક પ્રથમ માળે ગેલેરી/ બાલકની જેવી અગાસી મળતી હતી. માધવ જગ લઈને પાણીની ટાંકાનું ઢાંકણ ખોલી ભરી લાવ્યો ને વત્સના સસરાને જગમાથી ગ્લાસમાં પાણી ભરી ગ્લાસમાં પાણી આપ્યું. પછી ગઈકાલે લાવેલ પાપડી,ચેવડો અને પેંડા ડીશમાં ભરીને ટીપોઈ પર મુકી કહ્યું “ વડીલ નાસ્તો કરો હું ચા લાવુ છું”

માધવ રસોડામાં આવ્યો.ચા બનાવવા તપેલી કાઢી . તપેલીમાં થોડું પાણી નાંખ્યું.દૂધ નાંખ્યું. ચા પતી નાંખી. ખાંડ નાંખવા ડબ્બો ખોલ્યો. ડબ્બામાં ખાંડ જ ન હતી. માર્યા ઠાર. ગ્રહણ ટાણે સાપ તે આનું નામ. હજુ સ્ટવ પેટાવેલો નહી તે ગનીમત. સંકટ સમયની સાંકળ બીનાભાભી. ભોંયતળિયે રહે. સરકારી કર્મચારીઓ કવાર્ટર રહેતા ત્યારે સહોદરની જેમ રહેતા હતા. કોઈને અડધી રાતે મદદની જરૂર હોય એટલે અવાજ કરે કે મદદ કરતા. ઈર્ષાનું તત્વ લેશમાત્ર નહી.કર્મચારીને રહેવા માટે જમીન મળી મકાન બનાવ્યા પછી બધાના દિમાગમાં માનો કે હળાહળ હળયુગ આવ્યો ને મિત્રતા, બંધુત્વનો યુગ માનો કે પૂરો થયો. ઈર્ષા, વૈમનસ્ય વધી ગયા.કવાર્ટમાં વરસો સાથે રહેનાર મિત્રોએ બાજુબાજુમાં પ્લોટ લઈ મકાન બનાવ્યા પછી આત્મીયતા વધવાના બદલે બોલવા વ્યવહાર ન રહ્યા ને જિંદગીભરની દુશ્મની થઈ લટકામાં. માધવ વાટકી લઈ પાછળના રસ્તેથી માધવ નીચે આવ્યો.ધત તેરે કી. બીનાભાભી પિયર ગયેલા. ઘરે ભાભીનો ભાઈ હાજર. તેને રસોડાની ગતાગમ ઓછી. સરવાળે બધા ડબ્બા ફંફોસ્યા. મીઠું, મરચું , હળદર, કોકમ, મગ મોગર, સોજી ખાર.એક ડબ્બો સૌથી ઉપર. તેને પકડીને નીચે ઉતારતા ઊંધો પડ્યો ને ખુલી ગયો. ખાંડ વેરાઈ રસોડામાં. કોઈ અર્બન ગુજરાતી ફિલ્મનું જાણે કે ટાઈટલ. સાવરણીથી ખાંડ ભેળી કરી.વાટકી ભરીને ખાંડ લઈ માધવ ઉપર આવ્યો. સ્ટવ પેટાવી ચા તૈયાર કરી કપમાં ગાળીને પ્રતાપભાઈને આપી. પ્રતાપભાઈ સરભરાથી ખુશ થઈ વિદાય થયા.

માધવે વત્સને માંડીને વાત કરી. વત્સ હરખભેર માધવને ભેટી પડ્યો. થેક્ર યુ થેક્ર યુ કહેવા લાગ્યો. માધવ સુદ્રશનધારી કૃષ્ણ જેનું મનમોહક સ્મિત કરીને બોલ્યો કે ભગવાન ખાલી મીરાનો ઝેર કટોરો અમૃત બનાવે, મગરના જડબામાં ફસાયેલ ગજેન્દ્રનો ગરબડ લઈને મોક્ષ કરે, નરસિંહ મહેતાની હૂંડી શેઠ સગાળશા થઈને ચલાવે તેવું થોડું હોય? માધવ અજમેરા બની વત્સ વરૂ ની મુશ્કેલી હલ ન કરી શકે?

વત્સ લુચ્ચું હસીને બોલ્યો ઓએમજી!!

ભરત વૈષ્ણવ
૧૧.૬.૨૦૨૧.
( કથાબીજ શ્રી વિઠ્ઠલ અજમેરા ,ગાંધીનગર. સત્ય ઘટના પર આધારિત)

★★★★★★★★★★★★★

શીખ

અવનીનો ભાર તારા પર
જછે?
સનમ થોડુંક હસવાનું તો
શીખ.
મરૂભૂમિ જેવું ઊખડેલ
વર્તન છે,કોઈના દિલમાં વસવાનું
તો શીખ.
કયાં સુધી મોટો ભા થઇ
રહીશ?
ક્યારેક ક્યાંક ખસવાનું તો
શીખ!!
અહીં સાપ સીડી જેવું
તિલસ્મી છે,
સાપના મોથી લપસવાનું
તો શીખ.
મોહ,માયા,ઈર્ષા,કુથલીની
હાર છે,
રામને પામવા તપસ્યા તું
તો શીખ.

ભરત વૈષ્ણવ
૩.૬.૨૦૨૨.

# આતંકી સંગઠન અલકાયદાની ધમકીને પગલે દ્વારકાધીશ મંદિરની સુરક્ષામાં વધારો

દ્વારકા,તા.૧૧

આંતકવાદી સંગઠન અલકાયદા તરપથી ગુજરાતમાં હુમલાની ધમકીને પગલે સમગ્ર ગુજરાત હાઈ એલર્ટ પર છે. જેના પગલે દ્વારકા ખાતે આવેલા દ્વારકાધીશ જગત મંદિરની સુરક્ષામાં પણ વધારો કરાયો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો આમ તો ત્રણેય તરફથી સમુદ્ર સાથે ઘેરાયેલો છે. આથી સુરક્ષાની દ્રષ્ટિએ અતિ મહત્વપૂર્ણ ગણાય છે. દ્વારકામાં જગ વિખ્યાત દ્વારકાધીશ મંદિર આવેલું હોવાથી અહીં દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો આવે છે.

આતંકવાદી હુમલાની દેહશતને પગલે દ્વારકા જિલ્લાની તમામ ચેકપોસ્ટ પરથી પ્રવેશ કરતા વાહનોનું પોલીસ તરફથી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. દ્વારકાધીશ મંદિર, ગોમતી ઘાટ, સુદામા સેતુ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ શહેરના ભીડભાડવાળી જગ્યાઓ પર પોલીસ ખાસ નજર રાખી રહી છે. મંદિર પરિસરમાં પણ ચેકિંગ બાદ જ પ્રવેશ આપવામાં આવે છે.

મોહમ્મદ પયગંબર પર બીજેપીના પૂર્વ પ્રવક્તા નુપુર શર્માના વિવાદિત નિવેદનનો મામલો આખી દુનિયામાં છવાઈ ગયો છે. ઘણા ઈસ્લામિક દેશોએ તેની નિંદા કરી છે અને ભારતીય રાજદૂતોને બોલાવ્યા છે. આજ કડીમાં આતંકવાદી સંગઠન અલ-કાયદા ઈન ધ ઈન્ડિયન સબ-કોન્ટિનેન્ટ એ ભારતને ધમકી આપી છે. એકયુઆઈએસએ તેની ધમકીમાં કહ્યું છે કે, તે દિલ્હી, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મુંબઈમાં હુમલા કરશે અને આમાં તે તેના આત્મઘાતી બોમ્બરોનો ઉપયોગ કરશે.આતંકવાદી વોચડોગ ફલેશપોઈન્ટના સ્થાપક ઈવાન કોલમેને તેમના ટ્વીટમાં જણાવ્યું હતું કે, અલ-કાયદાએ ભારતને ધમકી આપતો સંદેશાવ્યવહાર જાહેર કર્યો છે. કોલમેને પોતાના ટ્વીટમાં અલ-કાયદાને ટાંકીને કહ્યું કે, ‘અમે એ લોકોને મારી નાખીશું જેમણે અમારા નબીનું અપમાન કર્યુંછે. જેઓ અમારા પયગંબરનું અપમાન કરવાની હિંમત કરે છે તેમને ઉડાવી દેવા માટે અમે અમારા શરીર અને અમારા બાળકોના શરીર પર વિસ્ફોટકો જોડીશું. તેઓને માફી કે દયા નહીં મળે, કોઈ શાંતિ અનેસલામતી તેમને બચાવી શકશે નહીં.